**આંક–૧૩**

# ભરૂચની મજુર અદાલત નં–૧ ના પ્રમુખ અધિકારી શ્રી એન.એ.ઈજનેર સમક્ષ

**રેફરન્સ (એલ.સી.બી.) નં.– ૯૫/૨૦૨૨**

**પ્રથમ પક્ષકાર ::** (૧) માલિકશ્રી/મેનેજરશ્રી,
મેસર્સ ડી.જી.નાકરાણી,
એમ–૧૦૧/સી, અક્ષરદિપ કોમ્પલેક્ષ,
જૈન દેરાસર પાસે, શાસ્ત્રીનગર,
ભાવનગર– ૩૬૪૦૦૧

(૨) મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,
ભરૂચ જનરલ હોસ્પિટલ, ભરૂચ–૩૯૨૦૦૧.

**–:: અને ::–**

**બીજા પક્ષકાર :** **વિપુલ કાલીદાસ સોલંકી**
રહે. શેરપુરા, ગુજરાતી સ્કુલ સામે,
ભરૂચ–૩૯૨૦૦૧.

**હાજર રહયાં :** પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ તરફે – ગેરહાજર
બીજા પક્ષકાર તરફે – પ્રતિનિધિશ્રી ડી.એસ.જોગ

## –:: એવોર્ડ ::–

**(૧)** હાલનો રેફરન્સ ઔધ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) અન્વયે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચના તા.૦૬/૦૬/૨૦૨૨ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસૂચિ અનુસંધાને ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની અદાલતને સુપરત કરવામાં આવેલ છે.

**–:– અનુસૂચિ –:–**

શ્રી વિપુલ કાલીદાસ સોલંકીને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) સદર કામના બન્ને પક્ષકારોને આંક–૨ થી નોટીસ કાઢવામાં આવેલ હતી. જે નોટીસ પ્રથમ પક્ષકાર નં.૨ નાંઓને બજી ગયેલ હોવાનું જણાય છે.

(૩) સદર કામે બીજા પક્ષકારે આંક–૩ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થામાં સૌપ્રથમ તા.૦૧/૦૭/૨૦૧૫ ના રોજથી સફાઈ કામદાર તરીકે જોડાયેલા. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થાએ ગેરકાયદેસર રીતરસમ અપનાવી ગેરકાયદેસર રીતે ફેરફાર કરી નવેમ્બર–૨૦૧૫ થી પ્રથમ પક્ષકાર નં.૧ ના કોન્ટ્રાકટ એજન્સીના મસ્ટર રોલ ઉપર રાખેલ છે અને પ્રથમ પક્ષકારનાઓ છેલ્લે માસીક રૂા.૮,૯૦૦/– પગાર ચૂકવતા હતા. બીજા પક્ષકાર નોકરીની ફરજ ખંત અને વફાદારીપૂર્વક બજાવતા હતા. બીજા પક્ષકાર તેમની નોકરીની ફરજો પ્રથમ પક્ષકારોના હિતમાં તેઓને સંતોષ અને ફાયદો થાય તે રીતે નિયમિત રીતે બજાવતા હતા. બીજા પક્ષકારનો નોકરીનો પાછલો રેકોર્ડ સ્વચ્છ હતો. બીજા પક્ષકારને કામગીરી બાબતે, વર્તણૂંક બાબતે, નિયમિતતા બાબતે કોઈ મેમો, નોટીસ કે ઠપકો મળેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર મુખ્ય માલિક સંસ્થા નં.૨ માં પ્રથમ પક્ષકાર નં.૧ ના ગેરકાયદેસર ચાલતા કોન્ટ્રાકટ એજન્સીમાં કામ કરતા રોજમદાર આયાબેન તથા સફાઈ કામદારો સૌ પ્રથમ પ્રથમ પક્ષકાર નં.૧ મુખ્ય માલિક સંસ્થામાં રોજમદાર આયાબેન તેમજ સફાઈ કામદારો તરીકે નોકરીમાં જોડાયેલા. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થાએ ગેરકાયદેસર રીતરસમ અપનાવી ગેરકાયદેસર રીતે ફેરફાર કરી નવે.–૨૦૧૫ થી પ્રથમ પક્ષકાર નં.૧ ના કોન્ટ્રાકટ એજન્સીના મસ્ટરરોલ ઉપર રાખેલ છે. સરકારશ્રીએ મંજુર કરેલ મહેકમ મુજબની જગ્યાઓ ખાલી હતી. દિન – પ્રતિદિન કામગીરી વધતી જતી હોવા છતાં મહેકમ મુજબ તેમજ જરૂરીયાત મુજબ કાયમી / વધારે જગ્યાઓ ભરવાને બદલે ખોટી રીત–રસમ અપનાવી પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપેલ જે કોન્ટ્રાકટ શામ, બોગસ, કેમો ફ્લેજ અને પેપર એરેન્જડ છે. બીજા પક્ષકાર તેમજ અન્ય સાથી કામદારોને મજુર કાયદાના લાભોથી વંચિત રાખવા પ્રથમ પક્ષકાર

નં.૨ મુખ્ય માલિક સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૨ ના મસ્ટરરોલ ઉપર રાખેલ છે. બીજા પક્ષકાર તેમજ અન્ય સાથી કામદારો પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સી ધ્વારા કોઈ નિમણૂંક કરેલ નહીં કે અગાઉની નોકરી અંગેનો ફુલ એન્ડ ફાઈનલ હિસાબ ચૂકવી ફેર નિમણૂંક કરવામાં આવેલ નહીં. બીજા પક્ષકાર તેમજ અન્ય સાથી કામદારોને  પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સીમાં ફેરફાર કરતાં પહેલાં કોઈ નોટીસ કે નોટીસ ઓફ ચેઈન્જ આપ્યા સિવાય આઈ.ડી. એકટની કલમ– ૯–એ નો ભંગ કરી ફેરફાર કરેલ છે.  પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સીનું કામ માત્ર પેપર ઉપર પગારની ચૂકવણી કરવાનું હતું. વધુમાં બીજા પક્ષકાર તેમજ અન્ય કામદારો પ્રથમ પક્ષકાર નં.ર ના જવાબદાર અધિકારીઓ આર.એમ.ઓ. ડો.એસ.આર.પટેલ, સિવિલ સર્જન ડો.ચૌહાણ સાહેબ તેમજ સેનેટરી ઈન્સ્પેકટર મહંમદભાઈ  પટેલ સાહેબની સીધી સૂચના અને દેખરેખ હેઠળ કાયમી કામદારો કાલીદાસ મોહન સોલંકી, કાલીદાસ છગન સોલંકી, નગીનભાઈ લક્ષ્મણભાઈ મહીડા, રમેશભાઈ તડવી તેમજ કાયમી આયાબેન તરીકે કામ કરતાં નંદાબેન, દમયંતીબેન, શાંતાબેન, સુમિત્રાબેન વિગેરે જે પ્રકારની કામગીરી બજાવે છે તેવા સરખા પ્રકારની કામગીરી બીજા પક્ષકાર બજાવતા આવેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર મુખ્ય માલિક સંસ્થા નં.૨ ધ્વારા બીજા પક્ષકારને સરખા કામનો સરખો પગાર નાં સિધ્ધાંતનો ભંગ કરી લઘુત્તમ વેતન અધિનિયમ મુજબ વેતન ચૂકવી તેઓનું ભયંકર આર્થિક શોષણ આચરતા આવેલ.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર તેમજ અન્ય કામદારોએ મુખ્ય માલિક સંસ્થા નં.૧ ના કાયમી કામદાર જાહેર કરવા તેમજ વર્ગ–૪ ના  કર્મચારીઓને મળતા લાભો ભથ્થાઓ પાછલા તફાવત સહિત મેળવવા માટે નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ, વડોદરા સીટીંગ ભરૂચ સમક્ષ રેફરન્સ(આઈ.ટી.) નં.૨૬૨/૨૦૨૦ થી વિવાદ ચાલે છે જે હાલ ન્યાય નિર્ણય અર્થે પડતર છે. વધુમાં જણાવેલ કે, બીજા પક્ષકારને તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજથી કોઈપણ જાતના કારણ વગર સાંભળવાની કે ખુલાસો કરવાની તક આપ્યા સિવાય મૌખિક હુકમથી ગેરકાયદેસર છુટા કરેલ. પ્રથમ પક્ષકારનાઓએ છુટા કરતા પહેલાં કોઈ મેમો, નોટીસ કે નોટીસ પગાર ચૂકવેલ નથી. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દર વર્ષે ૨૪૦ દિવસ ઉપરાંતની નોકરીની ફરજો બજાવેલ હોવા છતાં ખાતાકીય તપાસ કરેલ નથી

કે છટણી વળતર ચૂકવેલ નથી. પ્રથમ પક્ષકારનાઓએ છુટા કરતા પહેલાં બચાવની કોઈ તક આપેલ નથી જે પ્રથમ પક્ષકારનાઓનું છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

વધુમાં જણાવેલ કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દર વર્ષ ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલાનો પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં છે. બીજા પક્ષકારને મજુર કાયદાની જોગવાઈ મુજબ હાજરી કાર્ડ, પગાર સ્લીપ, હકક રજા કાર્ડ, વિગેરે નોકરી અંગેના મહત્વના પુરાવાઓ આપતા નહતા. પ્રથમ પક્ષકાર મુખ્ય માલિક સંસ્થા નં.(૨) માં પ્રથમ પક્ષકાર નં.(૧) નો ચાલતો કોન્ટ્રાકટ શામ, બોગસ, કેમો ફલેજ અને પેપર એરેન્જડ હતો. પ્રથમ પક્ષકાર નં.૨ નાએ કાયમી પ્રકારની કામગીરીમાં ગેરકાયદેસર રીતે કોન્ટ્રાકટ પ્રથા અમલમાં રાખેલ હતી. બીજા પક્ષકાર કાયમી પ્રકારની કામગીરીમાં જોડાયેલા કામદાર હતા. પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સીનું કામ માત્ર પગાર ચૂકવણી કરવાનું હતું. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિકના જવાબદાર અધિકારીઓની સીધી સૂચના અને દેખરેખ હેઠળ કામગીરી બજાવતા હતા. બીજા પક્ષકાર જે પ્રકારની કામગીરી કરતા હતા તે કામગીરી કાયમી પ્રકારની હતી. બીજા પક્ષકાર હાલ બેકાર છે. નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતા નોકરી મળેલ નથી. બીજા પક્ષકાર આજે પણ પ્ર થમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થામાં કામ કરવા રાજી અને ખુશી છે. તેમની જગ્યાએ અન્ય વ્યકિતને કામ પર રાખેલ છે તેમ જણાવી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નાઓએ વિના કોઈ કારણ એકાએક તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી, તેમની સળંગ નોકરી ગણી મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત ચઢતા ક્રમે પગાર ચૂકવી પુન: સ્થાપિત કરવાનો હુકમ કરવા તથા પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થા અને પ્રથમ પક્ષકાર નં.૧ નો કોન્ટ્રાકટ શામ, બોગસ, કેમો ફલેજ અને પેપર એરેન્જ કોન્ટ્રાકટ હોવાનું જાહેર કરી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિકના કામદાર હોવાનું જાહેર કરવા તથા ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/– પ્રથમ પક્ષકારનાઓ ચૂકવી આપે તેવો હુકમ કરવા દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર તરફે આંક–૪ થી શ્રમિક કામદાર કલ્યાણ સંઘના પ્રતિનિધિનું અધિકાર પત્ર રજુ થયેલ છે.

(૪) સદર કામના પ્રથમ પક્ષકારોને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ જવાબ રજુ થયેલ નથી. આ કામે બીજા પક્ષકાર તરફથી તેમનું માંગણાનું નિવેદન પ્રથમ પક્ષકારોને રજી.પોષ્ટ એડીથી મોકલવામાં આવેલ, જે પ્રથમ પક્ષકારોને મળી ગયા બાબતે પોષ્ટ ખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ રજુ થયેલ છે. જે દસ્તાવેજ આંક–૫ ના લીસ્ટથી રજુ રાખેલ છે. બીજા પક્ષકાર તર્ફે આંક–૬ થી પ્રથમ પક્ષકારોનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવા અરજ કરતાં, પ્રથમ પક્ષકારોનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ અને સદર કામ પુરાવા માટે રાખવામાં આવેલ.

(૫) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

<u>બીજા પક્ષકાર તરફે</u> :–

| | | |
|---|---|---|
| ૧) | નિ–૫/૧ | યુનિયન મારફતે પ્રથમ પક્ષકાર નં.૧, ૨ ને માંગણાનું નિવેદન ફોરવર્ડીંગ કર્યા અંગેના પત્રની ઝેરોક્ષ નકલ. |
| ૨) | નિ–૫/૨ | પ્રથમ પક્ષકાર નં.૧ ને માંગણાનું નિવેદન બજી ગયા અંગેનું પોષ્ટ ખાતાની ટ્રેકીંગ સાઈડ ઉપરથી આઈટમ ડીલીવરી કન્ફર્મની ઝેરોક્ષ નકલ. |
| ૩) | નિ–૫/૩ | પ્રથમ પક્ષકાર નં.૨ ને માંગણાનું નિવેદન બજી ગયા અંગેનું પોષ્ટ ખાતાની ટ્રેકીંગ સાઈડ ઉપરથી આઈટમ ડીલીવરી કન્ફર્મની ઝેરોક્ષ નકલ. |
| ૪) | નિ–૭/૧ | પ્રથમ પક્ષકાર નં.૨ નાંએ કોવિડ–૧૯ ની સેવા બદલ આપેલ પ્રમાણપત્ર ની ઝેરોક્ષ નકલ. |
| ૫) | નિ–૭/૨ | બીજા પક્ષકારના મે–૨૦૧૯ થી જાન્યુ.–૨૦૨૩ સુધીના બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ. |
| ૬) | નિ–૭/૩ | બીજા પક્ષકારના પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં પી.એફ. પાસબુકની |

ઝેરોક્ષ નકલ.

| | | |
|---|---|---|
| ૭) | નિ–૭/૪ | બીજા પક્ષકારના પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં પી.એફ. વિડ્રોલ ડીટેલ્સની ઝેરોક્ષ નકલ. |
| ૮) | નિ–૭/૫ | બીજા પક્ષકારના પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં પી.એફ. ઈ.સી.આર.ની ઝેરોક્ષ નકલ. |
| ૯) | નિ–૭/૬ | પ્રથમ પક્ષકાર નં.૧ નાંએ આપેલ ફેબ્રુ.–૨૦૧૮ ની પગાર સ્લીપની ઝેરોક્ષ નકલ. |
| ૧૦) | નિ–૭/૭ | પ્રથમ પક્ષકાર નં.૧ નાંએ આપેલ માર્ચ–૨૦૧૮ ની પગાર સ્લીપની ઝેરોક્ષ નકલ. |
| ૧૧) | નિ–૭/૮ | પ્રથમ પક્ષકાર નં.૧ નાંએ આપેલ એપ્રિલ–૨૦૧૮ ની પગાર સ્લીપની ઝેરોક્ષ નકલ. |
| ૧૨) | નિ–૭/૯ | પ્રથમ પક્ષકાર નં.૧ નાંએ આપેલ મે–૨૦૧૮ ની પગાર સ્લીપની ઝેરોક્ષ નકલ. |
| ૧૩) | નિ–૭/૧૦ | પ્રથમ પક્ષકાર નં.૧ નાંએ આપેલ જુન–૨૦૧૮ ની પગાર સ્લીપની ઝેરોક્ષ નકલ. |
| ૧૪) | નિ–૭/૧૧ | પ્રથમ પક્ષકાર નં.૧ નાંએ આપેલ જુલાઈ–૨૦૧૮ ની પગાર સ્લીપની ઝેરોક્ષ નકલ. |
| ૧૫) | આંક–૮ | બીજા પક્ષકાર સુમનબેન ભલાભાઈ સોઢાની એફીડેવીટ પર સરતપાસ (જેની પ્રથમ પક્ષકાર નં.૧, ૨ તરફે ઉલટ તપાસ કરવાાં આવેલ નથી.) |

સદર કામના બીજા પક્ષકાર તરફે આંક–૧૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**પ્રથમ પક્ષકાર નં.૧, ૨ તરફે** :–

સદર કામના પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ ને બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવા માટે અવાર નવાર તકો આપવા છતાં, તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા

પક્ષકારની ઉલટ તપાસ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૯ થી અરજી આપતાં, પ્રથમ પક્ષકાર નં.૧ અને નં.૨ નો બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ ને તેમના પુરાવા રજુ કરવા માટે અવાર નવાર તકો આપવા છતાં, તેઓ તરફે હાજર થઈ પુરાવા રજુ કરેલ નથી. જેથી બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી અરજી આપતાં, પ્રથમ પક્ષકાર નં.૧ અને નં.૨ નો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

**(૬)** આ કામે બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ત્યારબાદ સદર કામ પ્રથમ પક્ષકારોની દલીલ માટે રાખવામાં આવેલ. પરંતુ પ્રથમ પક્ષકાર નં.૧ અને નં.૨ તરફે દલીલો માટે કોઈ હાજર રહેલ નથી કે દલીલો કરેલ નથી. તેથી બીજા પક્ષકારની આંક–૧૨ ની અરજી ધ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર નં.૧ અને નં.૨ નો દલીલો રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરી સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**(૭)** આ કામે સદર અરજીના આખરી નિર્ણય તથા નિકાલ માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત કરવા જરૂરી બને છે.

**–:– <u>મુદ્ધા</u> –:–**

(૧) શું બીજા પક્ષકાર પૂરવાર કરે છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ અને નં.૨ ના કામદાર હતા ?

(૨) શું બીજા પક્ષકાર પૂરવાર કરે છે કે, તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછી નહીં તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર પૂરવાર કરે છે કે, તેમને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર છે ? અને તેમને છૂટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનું પાલન કરેલ નથી ?

(૪) શું બીજા પક્ષકાર પૂરવાર કરે છે કે, તેઓ તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર તથા આનુષાંગિક લાભો સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવા હકકદાર છે ?

(૫) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–:– <u>નિર્ણય</u> –:–**

(૧) અંશત: હકારમાં. (પ્રથમ પક્ષકાર નં.૧ ના)

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) અંશત: હકારમાં.

(૫) અંશત: હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–: <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નંબર– ૧</u> :–**

સદર કામના બીજા પક્ષકારે તેમનાં માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થામાં સૌપ્રથમ તા.૦૧/૦૭/૨૦૧૫ ના રોજથી સફાઈ કામદાર તરીકે જોડાયેલા. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૨ મુખ્ય માલિક સંસ્થાએ ગેરકાયદેસર રીતરસમ અપનાવી ગેરકાયદેસર રીતે ફેરફાર કરી નવેમ્બર–૨૦૧૫ થી

પ્રથમ પક્ષકાર નં.૧ ના કોન્ટ્રાકટ એજન્સીના મસ્ટર રોલ ઉપર રાખેલ છે અને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારનાઓ છેલ્લે માસીક રૂા.૮,૯૦૦/– પગાર ચૂકવતા હતા. બીજા પક્ષકાર નોકરીની ફરજ ખંત અને વફાદારીપૂર્વક બજાવતા હતા.

ઉપરોકત જણાવેલ હકીકતો સાબિત કરવા માટે બીજા પક્ષકાર તરફે આંક–૫ ના લીસ્ટથી નિ.૫/૧ થી નિ.૫/૩ સુધીનાં તથા આંક–૭ ના લીસ્ટથી નિ.૭/૧ થી નિ.૭/૧૧ સુધીનાં દસ્તાવેજો તથા તેઓની એફીડેવીટ ઉપર સરતપાસ રજુ કરેલ છે. બીજા પક્ષકાર ઘ્વારા નિ.૭/૧ થી નિ.૭/૧૧ ના રજુ કરેલ પુરાવાઓ ઘ્યાને લેતાં બીજા પક્ષકારે કોવિડ–૧૯ દરમ્યાન સારી કામગીરી કર્યા બાબતનું પ્રથમ પક્ષકાર નં.ર નાંએ આપેલ પ્રમાણપત્ર રજુ છે તેમજ બીજા પક્ષકારે રજુ કરેલ બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલો, પી.એફ. પાસબુકની ઝેરોક્ષ નકલ, પી.એફ.ઈસીઆરની ઝેરોક્ષ નકલ જોતાં, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ઘ્વારા આપવામાં આવેલ પાસબુકમાં તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ ઘ્વારા બીજા પક્ષકારને આપેલ પગાર સ્લીપો જોતાં તેમાં પ્રથમ પક્ષકાર નં.૧ નું નામ દર્શાવવામાં આવેલ હોવાનું જણાય છે. આથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ ડી.જી.નાકરાણી કોન્ટ્રાકટમાં કામ કરેલ હોવાની હકીકત પુરાવા ઘ્વારા પૂરવાર થતી હોવાથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧ વચ્ચે માલિક–કામદારના સંબંઘો અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાય છે.

આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.ર તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારે તેમનાં માંગણાના નિવેદનમાં તેમજ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ હકીકતોને પડકારેલ નથી કે બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવાથી વિરૂઘ્ઘના કોઈ પુરાવા રજુ કરેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરી વિરૂઘ્ઘની હકીકત પૂરવાર કરેલ નથી. આથી બીજા પક્ષકારે જણાવેલ હકીકતો પુરાવાથી પૂરવાર કરેલ હોવાથી તે હકીકતોને નહીં માનવાને કોઈ કારણ રહેતું ન હોવાથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ ના કામદાર હોવાનું પૂરવાર પૂરવાર થાય છે અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર ના કાયમી કામદાર હોવાનું

પૂરવાર થયેલ નથી. જેથી અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૧** નો જવાબ પ્રથમ પક્ષકાર નં.૧ પુરતો **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર– ૨</u> :–**

સદર કામના બીજા પક્ષકારે તેમનાં માંગણાના નિવેદન તથા સોગંદનામામાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દર વર્ષે ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે અને તેનો પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં છે. પ્રથમ પક્ષકારનાઓ તેઓને મજુર કાયદાની જોગવાઈ મુજબ નોકરી અંગેના પુરાવાઓ આપતા ન હતા. તદુપરાંત બીજા પક્ષકારે નિ.૭/૧ થી નિ.૭/૧૧ નાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેમાં કોવિડ–૧૯ નાં સમયગાળા દરમ્યાન બજાવેલ સારી કામગીરી અંગેનું પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ આપેલ પ્રમાણપત્ર, મે–૨૦૧૯ થી જાન્યુ.–૨૦૨૩ સુધીના બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ તેમજ બીજા પક્ષકારના પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં પી.એફ.પાસબુકની ઝેરોક્ષ નકલ તેમજ પગાર સ્લીપો રજુ છે. જે ધ્યાને લેતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછી નહીં તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ બીજા પક્ષકારનાં પ્રતિનિધી દલીલમાં જણાવે છે કે, બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારો ધ્વારા ઉલટ તપાસ કરેલ નથી કે રજુ કરેલ દસ્તાવેજોને પડકારેલ નથી કે બીજા પક્ષકાર વિરૂધ્ધનાં કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી જેથી બીજા પક્ષકારના પુરાવાને નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી.

આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારે જણાવેલ હકીકતથી વિરૂધ્ધની કોઈ હકીકત કે તેને ખંડન કરતાં કોઈ પુરાવા રજુ કરેલ નથી. આ કામે બીજા પક્ષકારનાં સોગંદનામાની સરતપાસની હકીકતોને પડકારવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારે જણાવેલ હકીકત નહીં માનવાને કોઈ કારણ રહેતું ન હોય, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછી નહીં તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ હોવાનું પૂરવાર થતું હોય અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૨** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર– ૩</u> :–**

સદર કામના બીજા પક્ષકારે તેમનાં માંગણાના નિવેદન તથા સોગંદનામામાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરેલા છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા પહેલાં કોઈ મેમો, નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર ચૂકવેલ નથી કે બચાવની કોઈ તક આપવામાં આવેલ નથી. બીજા પક્ષકારના માંગણાના નિવેદન તેમજ સોગંદનામામાં જણાવેલ આ હકીકતોને પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થાએ હાજર રહી પડકારેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરેલ નથી. આથી પ્રાથમિક દ્રષ્ટિએ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ બીજા પક્ષકારની છટણી કરી ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ–૨૫(એફ)ની જોગવાઈઓનું પાલન કરેલ ન હોવાનું પૂરવાર થાય છે. જયારે કોઈપણ કામદારની છટણી કરી નોકરીમાંથી છુટા કરવામાં આવે તો તેઓને નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચૂકવવું જોઈએ તે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ ચૂકવેલ નથી તેમજ બીજા પક્ષકારની ખાતાકીય તપાસ કરેલ નથી કે બીજા પક્ષકારને બચાવ કરવાની પુરતી તક આપેલ નથી. બીજા પક્ષકાર તરફે દલીલમાં જણાવેલ છે કે બીજા પક્ષકારનું પ્રથમ પક્ષકારો ધ્વારા છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસરનું છે તેમજ મજુર કાયદાનું કોઈ પાલન કરેલ નથી કે છટણી વળતર પણ ચૂકવ્યું નથી. આમ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોવાનું તથા બીજા પક્ષકારને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનું પાલન કરેલ નહીં હોવાની હકીકત પૂરવાર થાય છે. આથી અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૩** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર– ૪ અને ૫</u> :–**

મુદ્દા નંબર–૪ અને ૫ એકબીજા સાથે સંલગ્ન હોવાથી બંને મુદ્દાની એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

સદર કામના પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.ર તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ પુરાવા રજુ કરેલ નથી કે ઉલટ તપાસ પણ કરેલ નથી. બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવાઓ જોતાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સી વચ્ચે માલિક–કામદારના સંબંધો અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાય છે. બીજા પક્ષકારે તેમનાં માંગણાના નિવેદનમાં તેમજ સોગંદનામામાં તેઓ પ્રથમ પક્ષકાર નં.ર મુખ્ય માલિકના કામદાર હોવાનું જણાવેલ છે. પરંતુ બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકાર નં.ર મુખ્ય માલિક તરફથી આપવામાં આવેલ નિમણૂંકપત્ર કે તેને આધારીત પુરાવા રજુ કરેલ નથી. જયારે નિ.૭/ર થી નિ.૭/૧૧ નાં દસ્તાવેજો જોતાં, બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ, પી.એફ. પાસબુકની ઝેરોક્ષ નકલ, પી.એફ.વિડ્રોલ ડીટેઈલ્સની નકલ, પીએફ ઈસીઆરની ઝેરોક્ષ નકલ, પ્રથમ પક્ષકાર નં.૧ ધ્વારા આપવામાં આવેલ પગાર સ્લીપો જોતાં તેમાં પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરનો ઉલ્લેખ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આમ બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ પુરાવા પરથી પ્રથમ પક્ષકાર નં.ર અને બીજા પક્ષકાર વચ્ચે માલિક–કામદારનો કોઈ સંબંધ અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાતું ન હોવાથી, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સીના કામદાર હતા તેવી હકીકત ફલિત થાય છે. જયારે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.ર મુખ્ય માલિક સંસ્થાનાં કામદાર હોવાની હકીકત પુરવાર થતી ન હોય ત્યારે પ્રથમ પક્ષકાર નં.ર અને બીજા પક્ષકાર વચ્ચે માલિક–કામદારના સંબંધો જ અસ્તિત્વમાં આવેલ ન હોય અને પ્રથમ પક્ષકાર નં.ર નાએ બીજા પક્ષકારને છુટા કરેલ ન હોય ત્યારે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર સંસ્થામાં કાયમી કામદાર તરીકે ફરજ બજાવતા હતા તેવું સાબિત થતું ન હોવાથી, બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર નં.ર મુખ્ય માલિકના કામદાર હોવાનું જાહેર કરવાની માંગેલ દાદ તેમને મળી શકે નહીં.

બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર નં.ર મુખ્ય માલિક સંસ્થા અને પ્રથમ પક્ષકાર નં.૧ નો કોન્ટ્રાકટ શામ, બોગસ, કેમો ફલેજ અને પેપર એરેન્જડ કોન્ટ્રાકટ હોવાનું જાહેર કરવાની પણ દાદ માંગેલ છે. પરંતુ તે હકીકત બીજા પક્ષકાર સચોટ પુરાવા ધ્વારા પૂરવાર કરી શકેલ ન હોવાથી તે દાદ પણ તેઓને મળી

શકે તેમ નથી. પરંતુ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટ એજન્સીના કામદાર હોવાની હકીકત તથા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ માં ર૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ હોવાની હકીકત અને પ્રથમ પક્ષકાર નં.૧ નાએ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરાવાઓ ધ્વારા પૂરવાર થયેલ હોવાથી બીજા પક્ષકાર તેમની નોકરીમાં મૂળ જગ્યાએ પુન: સ્થાપિત થવા હકકદાર બને છે.

હવે બીજા પક્ષકાર પડેલા દિવસોનો પગાર તથા આનુષાંગિક લાભોની રકમ મેળવવા હકકદાર છે કે કેમ ? તે અંગે ઉપર જણાવ્યા મુજબ બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર વચ્ચે માલિક–કામદારનો સંબંધ પૂરવાર થયેલ હોય તથા હાલના કામે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર ધ્વારા સળંગ નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલાનું પૂરવાર થતું હોય ત્યારે બીજા પક્ષકાર કામદાર મૂળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર બને છે. જયારે બીજા પક્ષકાર કામદારને ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું અત્રેની અદાલત માને છે ત્યારે બીજા પક્ષકાર કામદારે નોકરી મેળવવા ઘણાં પ્રયાસ કરવા પડયા હશે અને પોતાની જગ્યા ઉપર પુન:સ્થાપિત થવાની કાર્યવાહી પણ કરવી પડેલ હશે અને બીજા પક્ષકાર બેકાર છે અને નોકરી મળેલ નથી તેવું તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે.

બીજા પક્ષકાર કામદારે તેમના આંક–૩ નાં માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર બેકાર છે. નોકરી મેળવવા પ્રમાણિક પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી. બીજા પક્ષકાર કામદારે કોઈ ગેઈનકુલ એમ્પ્લોયમેન્ટ કરેલું હોય તો તે અંગે પ્રથમ પક્ષકારે નામદાર કોર્ટ સમક્ષ કોઈ પુરાવાઓ રજુ કરેલા નથી. આ સબંધે બીજા પક્ષકાર તર્ફે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી આટલી કારમી મોંઘવારીમાં કોઈપણ વ્યકિત સદંતર બેકાર બેસી રહે તે હકીકત માની શકાય તેમ નથી. પરંતુ બીજા પક્ષકાર કામદાર બેકારીનાં સમયગાળામાં કોઈ લાભકારક કમાણી કરતા ન હતા, તેવું સાબિત કરવાનો ભાર શ્રમયોગી બીજા પક્ષકાર ઉપર નાંખવો તે પણ અન્યાયી ગણાય. જેથી બીજા પક્ષકાર કામદાર ગેઈનકુલ એમ્પ્લોઈમેન્ટમાં હતાં તેવું પ્રથમ પક્ષકારે સાબિત કરવાનું રહે છે. પરંતુ પ્રથમ પક્ષકારોએ સદર હકીકત પૂરવાર કરવા નામદાર કોર્ટ ધ્વારા તકો આપવા છતાં હાજર રહી તેમનો કેસ પૂરવાર કરેલ નથી. સાથે સાથે પ્રથમ પક્ષકાર નંબર–૧ પાસેથી બીજા પક્ષકાર બેકાર બન્યા બાદ અન્ય કોઈ

જગ્યાએ કામગીરી મળેલ ન હોઈ, તે પણ માની શકાય તેમ નથી. એટલે કે બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં જે પ્રકારની કામગીરી કરી રહયાં હતાં તેવી કામગીરી આ ગાળામાં અન્ય કોઈ જગ્યાએ નહીં મળેલ હોય તેવું માની શકાય નહીં.

પડેલા દિવસોનો પગાર એ આપોઆપ મળવાપાત્ર નથી. પરંતુ બીજા પક્ષકારનાં પડેલ રોજના પગાર નકકી કરતાં સમયે બીજા પક્ષકારનો હોદ્દો, નોકરીનો પ્રકાર, પગાર, નોકરીનો સમયગાળો, છુટા કરતાં સમયે કામદારની ઉંમર, આવું કામ મળવાની શકયતા, કામદારે પડેલ રોજ દરમિયાન નોકરી મેળવવા કરેલ પ્રયત્ન તથા પડેલ રોજ દરમિયાન કરેલ કમાણી ધ્યાને લેવાની રહે છે. જે મુજબ બીજા પક્ષકારે પોતાના આંક–૩ ના માંગણાના નિવેદનમાં તેમજ તેમનાં પ્રતિનિધિશ્રીએ કરેલ દલીલો ધ્યાને લેતાં બીજા પક્ષકારને છુટા કરતી વખતે પુખ્ત વયની ઉંમર ધ્યાને લેતાં તથા વિશેષમાં પ્રથમ પક્ષકાર નંબર–૧ બીજા પક્ષકાર તેમની બેકારીના સમયમાં તેમને પહેલાં મળતી હતી એટલી જ આવક મેળવતાં હતાં તેવું સાબિત કરી શકેલ ન હોઈ, જે ઉપરોકત હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં બીજા પક્ષકારને પડેલા રોજના ૪૦ % પગાર ચૂકવવાનાં હુકમ સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તો, ન્યાયનું હિત જળવાશે. જેથી **મુદ્દા નંબર–૪ અને ૫** નો જવાબ **અંશત: હકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નંબર–૬** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો એવોર્ડ પસાર કરવામાં આવે છે.

## –:– એવોર્ડ –:–

(૧) બીજા પક્ષકાર સુમનબેન ભલાભાઈ સોઢાનો રેફરન્સ (એલ.સી.બી.) નંબર– ૧૦૬/૨૦૨૨ **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકાર નં.૧ નું બીજા પક્ષકારને તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી બીજા પક્ષકારની સળંગ નોકરી ગણી તેઓને છુટા કર્યા તારીખથી નોકરીમાં પુન: સ્થાપિત કરે ત્યાં સુધીના સમયગાળાના પડેલા દિવસોનાં છેલ્લા પગારનાં ૪૦ % પગાર સહિત આ એવોર્ડ

પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં પુન: સ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકાર નં.૧ ને હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રથમ પક્ષકાર નં.૧ નાએ બીજા પક્ષકારને રેફરન્સ ખર્ચના રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) અલગથી ચુકવી આપવા.

(૪) પ્રથમ પક્ષકાર નં.ર મુખ્ય માલિક વિરૂધ્ધ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(પ) સદર એવોર્ડને નિયમાનુસાર પ્રસિધ્ધિ માટે યોગ્ય સત્તાધિકારી સમક્ષ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખ: ૨૮/૦૬/૨૦૨૩**
**સ્થળ: ભરૂચ**

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**જીજે૦૦૪૮૪**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૧, ભરૂચ**

**પટેલ, સ્ટેનોગ્રાફર**